## સંક્ષિપ્ત સમાચાર

### પંચમહાલ જિલ્લામાં સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદ દિવસની ભવ્ય અને આરોગ્યપ્રદ ઉજવણી



**ગોધરા :** નિયામક આયુષની કચેરી - ગાંધીનગર તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારી, જિલ્લા પંચાયત - પંચમહાલના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ૧૧મા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ૨૦૨૬ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે આયુર્વેદ શાખા, પંચમહાલ હસ્તકના ૧૬ આયુર્વેદિક અને ૦૬ હોમિયોપેથિક દવાખાનાઓ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોના સ્વાસ્થ્ય વર્ધન માટે અનેકવિધ આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ચાલુ વર્ષે સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદની વિશેષ થીમ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમોમાં લોકો પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદને દૈનિક જીવનમાં અપનાવે તે માટે ખાસ અપીલ કરવામાં આવી હતી.

### યાત્રાધામ પાવાગઢ ખાતે ભગવતી બાની ૧૦૯મી જન્મ જ્યંતી ઉજવાઇ



**ગોધરા :** પવિત્ર યાત્રાધામ પાવાગઢ માં આજ રોજ તારીખ 22.9.2026 ને મંગળવાર ના રોજ વિશ્વામિત્ર ઋષિ ની તપોભૂમિ માં પાવાગઢ શેત્રે બિરાજમાન સંત શિરોમણી પરમ પૂજ્ય ભગવતી બા ની 109 મી જન્મ જ્યંતી ભારે ધામધૂમ થી ઉજવવા માં આવી હતી બા નો જન્મ સોરાષ્ટ (કાઠ્યાવાડ) ના સુરેન્દ્રનગર જિલ્લા ના વઢવાણ તાલુકા ના ઝાપોદાર ગામે સ્વં મનુભા તથા સ્વં કેસરકુંવર બા ના ઘરે સંવત 1974 ને સોમવાર તારીખ 16.9.2018 ભાદરવા સુદ એકાદશી (પરિવર્તન એકાદશી ) ના રોજ પ્રાગટ્ય થયું હતું. પાવાગઢમાં વારસો થી ભગવતીબા નો આશ્રમ આવેલો છે બાના ભક્તો દેશ વિદેશમાં ફેલાયેલો છે.

### કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નિ:શુલ્ક રોગનિદાન કેમ્પ યોજાયો




**કાલોલ :** 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રેફરલ હોસ્પિટલ, કાલોલ ખાતે એક વિશાળ રોગનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિસ્તારના ૭૬૮ જેટલા નાગરિકોએ હાજરી આપી આરોગ્ય વિષયક સેવાઓનો લાભ લીધો હતો. આ પ્રસંગે પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ, જિલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલ, ભાજપા જિલ્લા પ્રમુખ, કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, તાલુકા પંચાયતના પ્રમુખ જયપાલસિંહ રાઠોડસહિત તાલુકા હેલ્થ ઓફિસર ડૉ મિનેશ દોશી સહિતના અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### કાલોલ ખાતે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે ગણેશ મહોત્સવમાં હાજરી આપી આરતી ઉતારી



**કાલોલ :** કાલોલ શહેરમાં ગણેશ ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે, ત્યારે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે વિવિધ ગણેશ મંડળોની મુલાકાત લીધી હતી. ધારાસભ્યએ કાલોલના મઠ ફળિયા ખાતે બિરાજમાન 'વૃંદાવન કા મહારાજા' અને કાછિયાની વાડી ખાતે આયોજિત ગણપતિ મહોત્સવમાં ખાસ હાજરી આપીને ગણપતિ દાદાના દર્શન કર્યા હતા તથા ભાવપૂર્વક આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

### પંચમહાલ કલેક્ટર અજય દહિયાએ કાલોલની મેદાપુર પ્રાથમિક શાળાની મુલાકાત લીધી



**કાલોલ :** પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાએ કાલોલ તાલુકાની મેદાપુર ગામની પ્રાથમિક શાળાની આકસ્મિક મુલાકાત લઈ શાળાની શૈક્ષણિક કામગીરી તેમજ વિદ્યાર્થીઓને મળતી પ્રાથમિક સુવિધાઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન કલેક્ટરએ વર્ગખંડમાં જઈને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે બાળકોની શૈક્ષણિક સમજ, વાંચન-લેખન ક્ષમતા અને અભ્યાસની પ્રગતિ અંગે જાણકારી મેળવી હતી. બાળકોનો ઉત્સાહ વધારવા માટે કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓને બ્લેકબોર્ડ પર લખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ શૈક્ષણિક બાબતો બ્લેકબોર્ડ પર લખીને પોતાની આવડત રજૂ કરી હતી.

---

**નવી એજન્સી આવ્યા બાદ સ્થાનિક વાહનો પાસેથી ટોલ વસૂલાતના આક્ષેપો**

## દાહોદના વરોડ ટોલ પ્લાઝા પર વાહન ચાલકોમાં રોષ, ટોલમુક્તિનો મુદ્દો ચર્ચામાં

**22 સપ્ટેમ્બરની બેઠક બાદ પણ સ્થિતિ યથાવત્, સત્વરે ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી**



(પ્રતિનિધી) ઝાલોદ, તા.20

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના વરોડ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનચાલકો પાસેથી ટોલ વસૂલાતને લઈને ફરી એકવાર રોષ જોવા મળી રહ્યો છે. નવી ટોલ એજન્સી આવ્યા બાદ સ્થાનિક વાહનચાલકો પાસેથી ટોલ વસૂલવામાં આવતો હોવા તેમજ માસિક પાસ કઢાવવા માટે કહેવામાં આવતું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. અગાઉ સ્થાનિક વાહનોને ટોલમાંથી રાહત મળતી હોવાના દાવા વચ્ચે હાલની વ્યવસ્થાને લઈને અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા મુજબ, લોકલ હોવાના માન્ય પુરાવા રજૂ કર્યા બાદ પણ કેટલાક વાહનો પાસેથી ટોલ વસૂલવામાં આવે છે. કેટલાક વાહનચાલકોના ફાસ્ટેગમાંથી તેમની જાણ બહાર ટોલની રકમ કપાઈ જતી હોવાના પણ આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. રોજિંદા કામકાજ માટે અવરજવર કરતા વાહનચાલકોને ઉતાવળમાં વિવાદ ટાળવા માટે ટોલ ચૂકવીને પસાર થવું પડતું હોવાનો સ્થાનિકોનો દાવો છે. ટોલ વસૂલાતને લઈને ટોલ કર્મચારીઓ અને વાહનચાલકો વચ્ચે અવારનવાર બોલાચાલીની સ્થિતિ સર્જાતી હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, એજન્સી બદલાય ત્યારે ટોલ વસૂલાત અંગેનો આ વિવાદ ફરી ઊભો થતો રહે છે. કાયમી ઉકેલની માંગ વરોડ ટોલ પ્લાઝા પરથી ઝાલોદ-લીમડી વિસ્તારના મોટી સંખ્યામાં વાહનચાલકો રોજિંદી અવરજવર કરે છે. સ્થાનિક વાહનચાલકોની માંગ છે કે, અગાઉની વ્યવસ્થાની જેમ સ્થાનિક વાહનોને માન્ય ઓળખના પુરાવાના આધારે ટોલમાંથી રાહત આપવામાં આવે અથવા ટોલમુક્તિ અંગે સ્પષ્ટ નીતિ અમલમાં મૂકવામાં આવે. સ્થાનિકોનું કહેવું છે કે, સમયાંતરે એજન્સી બદલાવાને કારણે ઉભા થતા વિવાદનો કાયમી ઉકેલ લાવવો જરૂરી છે. ટોલ વસૂલાતના નિયમો, સ્થાનિક વાહનો માટેની વ્યવસ્થા અને પાસ અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

---

**ગ્રામજનોને રાહતના સમાચાર મળ્યા**

## દે.બારિયાના મોતીપુરામાં દીપડો પાંજરે પુરાયો



(પ્રતિનિધી) દાહોદ, તા.23

દેવગઢ બારિયા તાલુકાના મોતીપુરા વિસ્તારમાં ઘણા સમયથી રહેણાંક વિસ્તારમાં દીપડાની હાજરીથી ગ્રામજનોમાં એક પ્રકારની દહેશત ફેલાઈ હતી સાથે જ ગ્રામજનોએ વન વિભાગને આ દીપડાને પાંજરે પુરવા માટે માંગ કરી હતી જે બાદ વનવિભાગ દ્વારા દીપડાને ઝબ્બે કરવા માટે મારણ સાથે પાંજરું મૂક્યું હતું. આજરોજ છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં ફરતો દિપડો પાંજરે પુરાયો હતો. જેના પગલે ગ્રામજનોમાં રાહત ફેલાઈ રહી હતી. દેવગઢ બારિયા તાલુકાના મોતીપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી રહેણાંક વિસ્તારમાં દીપડાના આંટાફેરા જોવા મળતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડો શિકારની શોધમા પાંજરે પુરાયો તપાસમાં વિગતો સામે આવી છે. ગણતરીના કલાકોમાં ઝઝૂફ કૂટેજના આધારે પોલીસે સમગ્ર ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડયો હતો. છેલ્લા કેટલાક દિવસથી રહેણાંક વિસ્તારમાં દીપડાના આંટાફેરાથી સ્થાનિકોમાં ભયનો માહોલ; વન વિભાગે ગોઠવેલા પાંજરામાં માદા દીપડો ઝડપાયો જે દીપડાને પકડવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી.

---

**કાંકણપુરની સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટનો કાર્યક્રમ યોજાયો**

## રૂ. ૩ કરોડના ખર્ચે ગર્લ્સ હાઈસ્કુલના નવા ભવનની જાહેરાત કરાઈ

(પ્રતિનિધી) ગોધરા, તા.23

કાંકણપુર ખાતે સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય પારિતોષિક વિતરણ સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે એક મોટું પગલું ભરતાં ટ્રસ્ટીઓ દ્વારા રૂ. ૩ કરોડના જંગી ખર્ચે ગર્લ્સ હાઈસ્કુલના નવા ભવનના નિર્માણની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. પૂજનીય ચંદુકાકા તથા વલ્લભકાકાના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા આ પ્રેરણાદાયક સમારોહમાં કે.જી.થી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના વર્ગોમાં પ્રથમ સ્થાન મેળવનાર કુલ ૫૬ તેજસ્વી વિદ્યાર્થીઓને બંને મહાનુભાવોના પરિવારજનો તરફથી વિશેષ ઈનામ આપી સન્માનિત કરાયા હતા. વિદ્યાર્થીઓનું નૈતિક બળ વધારવા અમદાવાદના ઉદ્યોગપતિ નિલેશભાઈ પટેલના ઉદાર સહયોગથી દરેક વિજેતાને રૂ. ૧,૦૦૦નો રોકડ પુરસ્કાર પણ એનાયત કરાયો હતો. મુંબઈની ગ્લેનીગલ્સ હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. ભરતભાઈ વી. શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે શિક્ષણ અને સતત પરિશ્રમ થકી ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ પર ભાર મૂક્યો હતો. ડૉ. પ્રવીણભાઈ અમીન અને ડૉ. મહેશ રાઠવાના સફળ સંચાલન હેઠળ યોજાયેલા આ સમારોહમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત ૩૫૦થી વધુ લોકો જોડાયા હતા અને શિક્ષણ થકી સમાજ પરિવર્તનનો સકારાત્મક સંદેશ આપ્યો હતો.

### દાહોદ જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીની બેઠક યોજાઇ

(પ્રતિનિધી) દાહોદ, તા.23

દાહોદ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી"ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ, નાયબ પશુપાલન નિયામક ડૉ. કમલેશ ગોસાઈ, જિલ્લાની તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરો તેમજ વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ હુકમો તેમજ વિકાસ કમિશનરશ્રી ની કચેરી, ગાંધીનગરના પરિપત્ર મુજબ પ્રાણી કલ્યાણ અને નિયંત્રણ સંબંધિત કામગીરી માટે અધિકારીઓ કર્મચારીઓની નોડલ અધિકારી નિયુક્તિ કરવામાં આવી હતી.

---

**ચોકીદાર જ નીકળ્યો ચોર.!દાહોદમાં કરિયાણા વેપારીની પૈસાની થેલી ચોરાઇ**

## પોલીસે CCTVના આધારે આરોપીને ઝડપી રૂ.૧.૧૫ લાખ કબ્જે કર્યા



(પ્રતિનિધી) દાહોદ, તા.23

દાહોદ શહેરના ઠક્કર ફળિયા વિસ્તારમાં કરિયાણાની દુકાન બહાર એક્ટિવા પરથી રૂ.૧.૧૫ લાખ રોકડ ભરેલી થેલી ચોરાઈ જતાં પોલીસ દોડતી થઈ હતી. વેપારી વીસીના ભેગા કરેલા પૈસા થેલીમાં લઈને દુકાને આવ્યા હતા.અને બેદરકારી પૂર્વક થેલી એકટીવા પર મૂકી હતી. દરમિયાન તકનો લાભ લઈ કોઈ શખ્સ થેલી ચોરી ફરાર થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં પોલીસે આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા ઝઝૂફ કેમેરાના ફૂટેજની તપાસ શરૂ કરી હતી. ઝફ ફૂટેજના આધારે પોલીસ ને ચોરી અંગે મહત્વની કડી મળી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કરિયાણાની દુકાન જે બિલ્ડિંગમાં આવેલી છે, તે જ અંડર-કન્સ્ટ્રક્શનબિલ્ડીંગમાં ચોકીદાર તરીકે કામ કરતો વ્યક્તિ શંકાના ઘેરામાં આવ્યો હતા. પોલીસે ચોકીદારની અટકાયત કરી પૂછપરછ કરતાં ચોરીનો ભેદ ઉકેલાયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી ચોરાયેલી રોકડ સહિતનો મુદ્દામાલ રિકવર કર્યો હતો.નોંધનીય છે કે વેપારી અગાઉ પણ આવી જ બેદરકારી કરી ચૂક્યા હોવાનું સામે આવ્યું છે. અગાઉ પણ વેપારીએ રોકડ અને મોબાઈલ ભરેલી થેલી વાહન પર લટકાવીને ભૂલી ગયા હતા. તે સમયે આજ નો જ ચોકીદાર ઈમાનદારી પૂર્વક રોકડ અને મોબાઈલની થેલી વેપારીને પરત કરી ગયો હતો.જોકે, આ વખતે મોટી રકમ નજરે પડતાં લાલચમાં આવી ચોકીદારે ચોરી કરી હોવાની પોલીસ તપાસમાં વિગતો સામે આવી છે.

---

**ડૂબી ગયેલા યુવકનો મૃતદેહ બીજા દિવસે મળ્યો હતો**

## જેસાવાડામાં ગણપતિ વિસર્જન દરમિયાન યુવાનનું તળાવમાં ડૂબી જવાથી મોત



(પ્રતિનિધી) દાહોદ, તા.23

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે ગણપતિ વિસર્જન દરમિયાન દુ:ખદ ઘટના સામે આવી છે. તા. 21 સપ્ટેમ્બર 2026ના રોજ સાંજના સમયે બાવકા-હીરલાવ મહાદેવ નજીક આવેલા તળાવમાં ગણપતિ વિસર્જન માટે ગયેલા 18 વર્ષીય યુવાનનું ડૂબી જવાથી મોત થયું હતું. મળતી માહિતી મુજબ જેસાવાડા મેઈન બજારમાં રહેતા ડામોર હેમંતભાઈ મુકેશભાઈ ગણપતિ વિસર્જન દરમિયાન અન્ય વ્યક્તિઓ સાથે તળાવમાં ગયા હતા. આ દરમિયાન તેઓ પાણીમાં ડૂબી જતા તેમની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે શોધખોળ બાદ પણ યુવાનનો પત્તો ન લાગતા દાહોદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડની ટીમે રાત્રે આશરે 11 વાગ્યા સુધી તળાવમાં શોધખોળ હાથ ધરી હતી, પરંતુ યુવાન મળી આવ્યા નહોતા. ત્યારબાદ બીજા દિવસે સવારે આશરે 7 વાગ્યે હેમંતભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે દાહોદ મોકલવામાં આવ્યો હતો.

### શહેરા-નાડા રોડ પર સાજીવાવ પાસે બાઈક અકસ્માતમાં વૃદ્ધાનુ મોત

ગોધરા : બોરીયાવી ગામના રેશમબેન મંગળભાઈ ડાભી તેમના પુત્ર સાથે બાઈક પર બેસીને શહેરા તાલુકાના તાડવા ગામે સંબંધીને ત્યાં મરણ પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા, ત્યારે આ કમનસીબ ઘટના બની હતી માતા-પુત્ર જ્યારે સાજીવાવ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રોડની સાઈડમાંથી બાઈક પર ઘાસનો ભારો લઈને મુખ્ય માર્ગ પર પ્રવેશી રહેલા અન્ય વાહનચાલક સાથે તેમની બાઈકની ગંભીર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં રેશમબેન રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચલાવી રહેલા તેમના પુત્રને હાથના ભાગે ઈજાઓ થઈ હતી.

---

**પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે આંદોલન**

## દાહોદમાં રેવન્યુ સર્વે કર્મચારીઓ અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતર્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.23

ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડ વર્ગ-૩કર્મચારી મંડળના આહ્વાન પર દાહોદ સહિત સમગ્ર રાજ્યના રેવન્યુ સર્વે વિભાગના કર્મચારીઓ આજથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી જતા રેવન્યૂ વિભાગને લગતા તમામ કામો અટવાઈ જવા પામ્યા છે.

આ અગાઉ પોતાની પડતર માંગણીઓને લઈ રેવન્યુ વિભાગના કર્મચારીઓ પેનડાઉન પર ઉતરી ગયા હતા પરંતુ તેમની પડતર માંગણીઓ સંદર્ભે સરકારમાંથી કોઈ પ્રતિસાદ નો મળતા તેઓ આજથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળના આહ્વાન પર દાહોદ સહિત સમગ્ર રાજ્યના રેવન્યુ સર્વેવિભાગના કર્મચારીઓ આજથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતર્યા છે. કર્મચારીઓના વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ હકારાત્મક નિર્ણય ન લેવાતા આંદોલનનો માર્ગ અપનાવવાનો નિર્ણય લેવાયો હોવાનું મંડળે જણાવ્યું છે.

---

## હાલોલ શહેરમાં ગણેશ વિસર્જન નિમિત્તે ટ્રાફિક વ્યવસ્થા માટે રૂટ ડાયવર્ઝન જાહેર કરાયો

હાલોલ : પંચમહાલ જિલ્લાના હાલોલ શહેર અને પાવાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૨૫/૦૯/૨૦૨૬ના રોજ યોજાનાર ગણેશ વિસર્જન મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા તથા ટ્રાફિકની સુચારૂ નિયમન માટે પંચમહાલ-ગોધરાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી દ્વારા જાહેરનામું બહાર પાડી વાહનોની અવર-જવર માટે ડાયવર્ઝન નક્કી કરવામાં આવ્યા છે. ગણેશ વિસર્જન દરમિયાન વિસર્જન યાત્રા, શોભાયાત્રા અને સાર્વજનિક ભીડને કારણે ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જાહેરનામા અનુસાર, તા. ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૧૪:૦૦ થી રાત્રે ૨૦:૦૦ વાગ્યા સુધી પાવાગઢ અને છોટાઉદેપુર તરફથી આવતા-જતા સરકારી, ખાનગી બસો, ભારે વાહનો તથા ફોર વ્હીલ વાહનો જ્યોતી સર્કલ થઈ કાળીભોંય અને કાળીભોંયથી જ્યોતી સર્કલ થઈને આવ-જા કરી શકશે.

## કાલોલ નગર પાલિકાના કોમ્યુનિટી હોલ શહેરી સેવા સેતુ ૧૨ માં તબક્કાનો પ્રારંભ કરાયો



કાલોલ : કાલોલ નગર પાલિકા કોમ્યુનિટી હોલ ખાતે શહેર વિસ્તારનો બારમો તબક્કો નો સેવા સેતુ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો જેમાં કાલોલ નગરપાલિકામાં સમાવિષ્ઠ એકથી સાત વોર્ડના શહેરી નાગરિકોને વિવિધ શાસકીય સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરવામાં આવી હતી અને આ કાર્યક્રમ દ્વારા લોકોને સરળતા પૂર્વક વિવિધ યોજનાઓનો લાભ મળે તે દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું હતું.

---

**જાહેર નોટીસ** — અરજદારના વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ. નં. ૮૫૦ / ૨૦૨૬ તા. ૨૧/૦૯/૨૦૨૬

અરજદાર: ભુરીયા પરશુભાઈ ખીમાભાઈ, રહે. ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા પરશુભાઈ ખીમાભાઈના પુત્ર નામે ભુરીયા ધર્મેશભાઈ પરશુભાઈનો જન્મ તા. ૧૦/૦૭/૨૦૦૬ના રોજ ગામ. ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ:૨૨/૯/૨૦૨૬
સ્થળ: ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ** — અરજદારના વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

મરણ કેસ નં. ૧૨૫/૨૦૨૬ તા. ૨૨/૦૯/૨૦૨૬

અરજદાર: ભુરીયા નેવચંદભાઈ નાથીયાભાઈ, રહે. ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા નેવચંદભાઈ નાથીયાભાઈના કાકા નામે ભુરીયા ખુનજીભાઈ રાયસિંગભાઈનું મરણ તા. ૧૫/૧૨/૧૯૮૦ના રોજ ગામ. ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના કાકાના મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા (ખારવા), તા. ગરબાડા, જી. દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની કાકાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલાં જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ:૨૨/૯/૨૦૨૬
સ્થળ: ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ** — અરજદારના વ.શ્રી એ.એમ.વસૈયા

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નં.૫૪૯/૨૦૨૬ તા. ૧૮/૦૯/૨૦૨૬

અરજદાર: પરમાર ભારતાભાઈ બદલાભાઈ, રહે. ગરબાડા, તા. ગરબાડા, જિ. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા. ગરબાડા, જિ. દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર ભારતાભાઈ બદલાભાઈ ના પુત્ર પરમાર ફતેસીંહ ભારતાભાઈનો જન્મ તા.૦૬/૦૩/૧૯૮૪ નારોજ ગામ. ગરબાડા, તા. ગરબાડા, જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા. ગરબાડા, જિ. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ:૧૮/૯/૨૦૨૬
સ્થળ: ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા